

કલોલ શહેર વિસ્તારમાં પાર્કિંગ સુવિધા આપ્યા વિના જ ઉભા કરી દેવાયેલા કોમર્શીયલ કોમ્પલેક્ષોને પગલે ટ્રાફીક વ્યવસ્થા ખોરવાઈ જવાના છાશવારે બનાવો બને છે. કોમ્પલેક્ષ પાસે આડેધડ પાર્કિંગ કરી દેવાતા સર્જાતી ટ્રાફીકની સમસ્યાનો ભોગ રાહદારીઓ તથા વાહનચાલકો ઉપરાંત વેપારીઓ બની રહ્યા છે. કલોલના જે.પી. કોમર્શીયલ કોમ્પલેક્ષ સહિત અનેક કોમ્પલેક્ષમાં વાહનપાર્કીંગની અસુવિધાને કારણે ટ્રાફીકની સમસ્યા કલોલ શહેર વિસ્તારમાં શિરદર્દ સમાન બની ગઈ છે. (તસવીર : વિપુલ ચૌહાણ)

## કલોલ ડેપોમાંથી મોબાઈલ ચોર ઝડપાયો

કલોલ શહેર પોલીસ મથકના પી.સી. રમેશભાઈને બાતમી મળી હતી કે બે દિવસ અગાઉ થયેલી મોબાઈલ ચોરીના ગુનાનો આરોપી કલોલ એસ.ટી.ડેપો તરફ ફરી રહ્યો છે જેને આધારે તેઓ તથા હે.કો. મુળજીભાઈ ડેપો પહોંચી ગયા હતા અને એક શકમંદને પકડી પાડી પુછપરછ કરી હતી. ઊંઝા તાલુકા વિસ્તારના વણાગલા ગામમાં રહેતા આ શખ્સ દિપક પ્રેમજી ચૌધરીએ બે દિવસ અગાઉ કલોલના ગાયત્રી ફ્લેટમાં રહેતા પટેલ નવનીતભાઈના મકાનમાંથી મોબાઈલ ચોર્યો હોવા ઉપરાંત અન્ય એક મકાનમાંથી મળીને બે મોબાઈલો ચોરી કર્યા હોવાની કબુલાત પોલીસ પુછપરછ દરમિયાન કરી હતી.

# કલોલમાં 'ઘરનું ઘર' યોજનાના ફોર્મ ભરવા મહિલાઓની પડાપડી

### બે સ્થળે રાખેલી વિતરણ વ્યવસ્થામાં પહેલા દિવસે જ ૧૪ હજારથી વધુ ફોર્મ વહેંચાયા

કલોલ, તા.૨૦

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ઘર વિહોણી રાજયભરની મહિલાઓને 'ઘરનું ઘર' આપવા કરાયેલી જાહેરાત અંતર્ગત આજે ઠેર ઠેર ફોર્મ વિતરણ કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કલોલના બે અલગ અલગ વિસ્તારોમાં આરંભાયેલા ફોર્મ વિતરણ કાર્યક્રમમાં સવારથી જ મહિલાઓની ભારે ભીડ જામી હતી કલોલ પશ્ચિમ વિસ્તારમાં અંબાજી માતાની વાડી અને પૂર્વ વિસ્તારમાં અવસર પાર્ટી પ્લોટ ખાતે શરુ કરાયેલી ફોર્મ વિતરણની કામગીરી દરમિયાન ફોર્મ ખુટી પડતા અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. મહિલાઓએ કરેલી પડાપડીથી પોલીસે વ્યવસ્થા સ્થિર કરવાની ફરજ પડી હતી. કોંગ્રેસના 'ઘરનું ઘર' યોજનાને મળેલા જબરદસ્ત પ્રતિસાદથી રાજકીય ગરમાવો જોવા મળ્યો છે. કલોલ તાલુકા કોંગ્રેસ સહિતના પ્રમુખ ગમાજી ઠાકોરના જણાવ્યા મુજબ પ્રથમ દિવસે ૧૪ હજારથી વધુ ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું.



(તસવીર : વિપુલ ચૌહાણ)

## કલોલ શહેરનું ગૌરવ

કલોલ, તા. ૨૦

રાજ્ય પોલીસ દળમાં આપની



વિશિષ્ટ સેવા બદલ ૧૫મી ઓગષ્ટ-૨૦૧૨ના પ્રસંગે શ્રી રવિન્દ્ર બી. પાટીલ (આસી. સબ. ઈન્સપેક્ટર, સી.આઈ.ડી.ક્રાઈમ, ગાંધીનગર) પ્રસંશનીય સેવા બદલ રાષ્ટ્રપતિ તરફથી પોલીસ મેડલ એનાયત થયેલ છે. જેથી આપે કલોલ શહેરનું ગૌરવ વધારેલ છે.

## અમરેલી જિલ્લાના દલિતોના પ્રશ્નો અંગે ધરણા

વિશ્વ માનવ કલ્યાણ પરિષદ, દલિત સેનાના અગ્રણીઓ, રોહિત સમાજના ચેરમેન એન.એલ. પરમારની આગેવાની હેઠળ ઘ-૩ ગાંધીનગર ખાતે પ્રતિક ધરણાં સત્યાગ્રહ કરી રહ્યા છે. જેમની માંગણી અમરેલી જિલ્લાની સરકારી પડતર જમીનની સાંથણી કરવા આવેલ છે તેની કાર્યવાહી કરવામાં આવે. અમરેલી જિલ્લામાં લેન્ડ કમિટીની બેઠક બોલાવવી બગસરા, ધારી, રાજુલા, તાલુકાની પડતર જમીન આપવા બાબતે કાર્યવાહી હાથ ધરવી. અનુસૂચિત જાતિ મંડળીને જમીન ફાળવેલ છે. સદર જમીન પાછી લેવા જણાવેલ છે. રાહત કામો શરૂ કરવા બી. પી. એલ. યાદીમાં સુધારા કરવા જણાવેલ છે.

# કલોલમાં યુવક કોંગ્રેસ દ્વારા સદ્‌ભાવના યાત્રા યોજાઈ




### યાત્રામાં ૨૫૦થી વધુ આગેવાનો-કાર્યકરો જોડાયા હતા

કલોલ, તા. ૨૦

રાજીવ ગાંધીની દ્દલમી જન્મજયંતિ નિમિત્તે ગાંધીનગર લોકસભા યુવક કોંગ્રેસ તથા કલોલ વિધાનસભા યુવક કોંગ્રેસ દ્વારા કલોલ ખાતે સદ્‌ભાવના યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે યોજાયેલી આ સદ્‌ભાવના યાત્રામાં ૨૫૦ થી વધુ કોંગી આગેવાનો-કાર્યકરો ઉપસ્થિત રહી જોડાયા હતા.

સદ્‌ભાવના યાત્રાનું પ્રસ્થાન ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સી.જે. ચાવડાએ કરાવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય સુરેશભાઈ પટેલ, કલોલ તાલુકા પ્રમુખ ગમાજી ઠાકોર તથા ધુળાજી ઠાકોર, અશ્વિનભાઈ બારોટ, મયુરભાઈ બ્રહ્મભટ્ટ, રામાજી ઠાકોર, રશ્મિનભાઈ ઠાકોર, દિલાવરખાન પઠાણ, વિક્રમ ઠાકોર સહિતના આગેવાનો, સરપંચો તથા યુવક કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર લોકસભા યુવક કોંગ્રેસ પ્રમુખ જયદિપસિંહ ઠાકોર તથા કલોલ વિધાનસભા યુવક કોંગ્રેસ સમિતિના પ્રમુખ ઠાકોર આઝાદસિંહ બળદેવજીએ સદ્‌ભાવના યાત્રાની આગેવાની લીધી હતી. જિલ્લા રાહુલ ગાંધી યુવા બ્રિગેડના પ્રમુખ વિરેન્દ્રસિંહ રાણા તથા હોદ્દેદારો કીરીટ પટેલ, સીમા કવિ, શનાજી ઠાકોર, વિક્રમજી ઠાકોર, કમલેશ શેરકર, વિજય કોરડીયા સહિતના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગેસ ફાળવણી અંગે ચર્ચા કરવા મુખ્યમંત્રી પ્લેટફોર્મ પર આવે : શક્તિસિંહ ગોહિલ

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાતમાંથી ચૂંટાયેલા બિન ગુજરાતી ભાજપના રાજ્યસભાના સભ્યશ્રી અરૂણ જેટલી દમ વગરની મેટર માત્ર અસીલના આગ્રહથી કોઈ વકીલ દલીલ કરે તે રીતે ગુજરાતને મળતા ગેસ અંગે પ્રેસ કોન્ફરન્સ કરીને જતાં રહ્યા. ગુજરાતને કેટલો ગેસ મળે છે ? આ ગેસ શું ભાવે મળે છે ? દેશના કુલ વિતરણના કેટલા ટકા ગુજરાતને મળે છે ? એન.ડી.એ.ની ભાજપની સરકાર હતી ત્યારે દિલ્હીથી કેટલો ગેસ ગુજરાતને મળતો હતો ? વિગેરે એકપણ પ્રશ્નનો જવાબ પોતાની પ્રેસમાં આપી શક્યા નથી. ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને ફરી ચેલેન્જ કરી છે કે, જો તમે સાચા હોવ તો આની ચર્ચા કરવા માંગતા હોવ તો આવો એક પ્લેટફોર્મ પર અને ગુજરાતની જનતાને સત્ય હકીકત બતાવીએ.

ગઈકાલે કેન્દ્રીય મંત્રીશ્રીએ ગુજરાતને ગેસની ફાળવણીના જે આંકડા આપ્યાં છે, એ આંકડાને બદલે ગુજરાતમાં જુદી જ પરિસ્થિતિ હોવા અંગેનો એકપણ આંકડો શ્રી અરૂણ જેટલીજી અને શ્રી સૌરભભાઈ પટેલ આપી શક્યાં નથી. કેગના નામે દેશની સંસદમાં હોબાળો કરનાર ભાજપે ગુજરાતના કેગના રિપોર્ટમાં અદાણીને ખરીદ કિંમત કરતાં કરોડો રૂપિયે સસ્તો ગેસ કેમ આપ્યો ? તે અંગે પણ ભાજપ એક શબ્દની પણ સ્પષ્ટતા કરી શક્યો નથી. હકીકતમાં હાઈકોર્ટના જજમેન્ટમાં પણ કેન્દ્ર સરકારે એફિડેવીટ પર કહ્યું છે કે, મુંબઈ, દિલ્હી અને ગુજરાતને ૪.૨ યુ.એસ. ડોલર પ્રતિ ના ભાવે ગેસ મળે છે. તેને કોઈપણ જગ્યાએ અયોગ્ય માનવામાં આવ્યું નથી. ગુજરાત સરકારે પણ હાઈકોર્ટની અંદર ફાઈલ થયેલી કેન્દ્રની એફિડેવીટને સ્વીકારી છે. ગુજરાત ભાજપમાં હિંમત હોય તો કેન્દ્રમાંથી કેટલો ગેસ ગુજરાતને પ્રાપ્ત થાય છે ? આ ગેસ ઉપર ગુજરાતમાં કેટલો વેટ લેવાય છે ? દેશમાં અન્ય રાજ્યોમાં લેવાતાં વેટ કરતાં ગુજરાતમાં વેટ કેટલો વધુ લેવાય છે ? ગુજરાતમાં જે ગેસ કેન્દ્રમાંથી અપાય છે તે ગેસની પડતર કિંમત ગુજરાત સરકારની કેટલી છે ? અને ગુજરાત સરકાર આમ આદમીને આ ગેસ વિતરણ કરે છે તેની વચ્ચે ભાવમાં કેટલો ફરક છે ? ગુજરાત સરકાર કેન્દ્રમાંથી પ્રાપ્ત થયેલો ગેસ કેટલો મોંઘો આમ આદમીને આપે છે ? તેની સ્પષ્ટતા કરી આપે. વર્તમાનપત્રમાં ગુજરાત સરકારની જાહેરાતમાં એવું કહ્યું છે કે, ગુજરાતને કેન્દ્ર ગેસ આપતું નથી અને માત્ર થપ્પડ મારે છે, આવી બેનામી લાખો રૂપિયાની જાહેરાત કરનાર ગુજરાતની ભાજપની સરકારે પ્રજાની તિજોરી લૂંટીને ગુજરાતના આમ આદમીને લાફો માર્યો છે. ભાજપની આજની પ્રેસ પરથી સ્પષ્ટ થઈ ગયું છે કે, ગઈકાલે કેન્દ્રીય મંત્રીશ્રીએ ગેસની ફાળવણીના જે આંકડા આપ્યાં છે તે સત્ય છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ બિનગુજરાતી રાજ્યસભાના સભ્ય પાસે સદંતર જુઠ્ઠાણું બોલાવ્યું છે. જો સત્યની છાંટ હોય તો આંકડાકીય માહિતી સાથે ગુજરાતની જનતાને હકીકત આપવી જોઈએ. દમ વગરની મેટરમાં કોઈપણ મોટો વકીલ દલીલ કરે તો પણ તેમાં સફળતા મળતી નથી, એ વાત આજે સાબિત થઈ ગઈ છે.

## શબ્દાવલી - ૪૮૨૧



**આડી ચાવી**

૧. કોઈકની મર્યાદા રાખવી તે (૪)
૪. સૌરાષ્ટ્રનો એક પર્વત (૪)
૬. વ્રત, ઉપવાસ (૩)
૭. મંજૂર, રજા મળવી તે (૪)
૮. વિજળી (૩)
૧૧. નકામો ફેરો (૫)
૧૪. સર્વત્ર શોક અને ત્રાસની લાગણી ફેલાઈ જાય તે (૪)
૧૬. બરફના ટૂકડાનો વરસાદ પડે તે... પડ્યા કહેવાય (૨)
૧૭. કસબી, ભરતકામ (૪)
૧૮. ઘણો ખાટો રસ (૩)
૨૦. શુકલ પક્ષ, અજવાળીયું (૨)

**ઊભી ચાવી**

૧. આયુષ્ય (૪)
૨. મારવું તે,... પડવો (૨)
૩. સમાજ (૨)
૪. ધાર્મિક સ્થળ (૫)
૫. નારાયણનો પરમ ભક્ત (૩)
૯. પોષણ માટે જરૂરી હોય તેટલો જ ખોરાક લેનાર (૪)
૧૦. પ્રાથમિક અક્ષર જ્ઞાન (૨)
૧૧. ધર્મ (૩)
૧૨. આશય, ઉદ્દેશ (૪)
૧૩. ધરાહાર (૩)
૧૪. ઉપસ્થિતિ (૩)
૧૫. પતિ કે પત્નીના કાકા (૩)
૧૯. અરમાન, ઈચ્છા (૨)

### શબ્દાવલી ૪૮૨૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) કપડાં (૩) શાનદાર (૪) ફેશન (૫) મદીરા (૭) ચોસઠ (૧૦) દાદા (૧૧) અમેરિકા (૧૨) રફ્ફુ ચક્કર (૧૫) પલ (૧૬) થાક (૧૭) સુકોમળ (૨૦) પાપ (૨૧) સમાનતા (૨૧) સમાનતા (૨૨) કણકી

**ઊભી ચાવી :-** (૧) કરમદા (૨) ડાફેરા (૩) શાન (૬) દિદાર (૭) ચોમેર (૮) સરી (૯) ઠકાઠક (૧૧) અક્કલ (૧૩) ચપળતા (૧૪) જાસૂસ (૧૬) થાપણ (૧૮) કોમા (૧૯) મન (૨૦) પાક

## સાબરકાંઠા જિલ્લા પંચાયત કેળવણી નિરીક્ષક સંઘ દ્વારા વહિવટી આધાર માટે 'સ્વર્ણિમ સુધા' પુસ્તકનું વિમોચન કરાયું

સાબરકાંઠા જિલ્લા પંચાયત કેળવણી નિરીક્ષક સંઘના ઉપક્રમે વહીવટી આધાર માટે ઉપયોગી પુસ્તક 'સ્વર્ણિમ સુધા'નું વિમોચન શિક્ષણમંત્રી શ્રી રમણલાલ વોરાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે શિક્ષણ રાજયમંત્રીશ્રી જયસિંહ ચૌહાણ અને સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શિક્ષણમંત્રી શ્રી રમણલાલ વોરાએ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, જિલ્લા પંચાયત દ્વારા વહિવટી અનુકૂળતા માટે 'સ્વર્ણિમ સુધા' પુસ્તક દ્વારા દરેક શિક્ષક સુધી પહોંચવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે તે સરાહનીય છે. આ પુસ્તકમાં વહીવટના નીતિ નિયમનું ખુબ જ પ્રેરક માર્ગદર્શન આપવામાં આવ્યું છે. શિક્ષકો માટે આ પુસ્તક શિક્ષણની સાથે સામાજીક વિકાસ કરવાનું પ્રેરક બળ બની રહેશે.

શિક્ષણ રાજયમંત્રીશ્રી જયસિંહ ચૌહાણે પુસ્તકમાં સમાવેશ કરવામાં આવેલા વિવિધ માર્ગદર્શક બાબતોની છણાવટ કરતા જણાવ્યું હતું કે, સ્વર્ણિમ સુધા પુસ્તક આવનારી ભાવિ પેઢીના શિક્ષકો માટે વહીવટી સૂઝ તેમજ મૂલ્યવર્ધક શિક્ષણની અગત્યતા સમાજ માટે ફળદાયી નિવડશે તેવી આશા વ્યકત કરી હતી. જિલ્લા સાંસદ શ્રી ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણે પ્રસંગોચિત ઉદબોધન કરતા જણાવ્યું હતું કે સમાજના ઘડતર શિલ્પીઓ એવા શિક્ષકો ઉત્તરદાઈત્વ વિભાવવાના માટે વિશેષ પ્રેરણારૂપ સાબિત થશે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

## ચૂંટણી કાર્યક્રમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ક્યા ક્ષેત્રોમાં અન્યાય કર્યો છે તેનું પ્રચાર સાહિત્ય ભાજપ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યું છે.

બીજી તરફ કોંગ્રેસ તરફથી ભાજપ શાસનના ૧૦ વર્ષમાં લોકોને પડેલી હાડમારીઓ, પ્રજાના પ્રશ્નો સામે સરકારની ઉપેક્ષા તેમજ ઉદ્યોગોને આપવામાં આવેલા લાભો એરણ ઉપર મૂકવામાં આવ્યા છે. એ સાથે કેન્દ્રએ ગુજરાતને ૧૦ વર્ષમાં શું આપ્યું છે તેની સીલસીલાબંધ વિગતો રજૂ કરવાનું કોંગ્રેસે નક્કી કર્યું છે.

ખાસ કરીને પેટ્રોલ અને ડિઝલ ઉપર વેટ નહીં ઘટાડવાના ગુજરાત સરકારના જક્કી વલણનો પ્રજામતમાં પડઘો પાડવાનું પ્રદેશ નેતાઓએ નક્કી કર્યું છે. કોંગ્રેસ તેના ચૂંટણી ઢંઢેરાને વધારે અસરકારક બનાવવા માગે છે કે જેથી મતદારો સુધી આસાનીથી પહોંચી શકાય.

ચૂંટણી ૨૦૧૨માં આ વખતે ભાજપનો મુખ્ય મુકાબલો કોંગ્રેસ સાથે છે પણ તેની સાથે પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલની ગુજરાત પરિવર્તન પાર્ટી પણ સામેલ છે. ભાજપના મતોમાં ભાગલા ન પડે તે માટે પ્રદેશ નેતાઓએ પાર્ટીના આગેવાનો અને કાર્યકરોનો સીધો સંપર્ક શરૂ કર્યો છે.

ભાજપ અને કોંગ્રેસ માટે વચનોની લ્હાણી કરવા માટે માત્ર ૧૫ દિવસનો સમય બચ્યો છે કારણ કે આવતા મહિને ચૂંટણીની તારીખ જાહેર થઈ શકે છે. છેલ્લી ઘડીએ ગુજરાત સરકાર પેટ્રોલ અને ડિઝલ ઉપર વેટના દરોમાં ઘટાડો કરે તેવી સંભાવના પણ નકારી શકાય તેવી નથી. સરકાર જો વેરા ઘટાડશે તો કોંગ્રેસે જાહેર કરેલા વેટના દરો ઘટાડવાના ચૂંટણી ઢંઢેરાના વચનની સમાપ્તી થઈ શકે છે.


## DENA GUJARAT GRAMIN BANK

DGGB YOUR OWN BANK

(A joint venture of Govt. of India, Govt. of Gujarat & Dena Bank)

Head Office : Balvantray Mehta Panchayat Bhavan, 'CH' Road, Sector-17, Gandhinagar

**BALANCE SHEET AND PROFIT & LOSS ACCOUNT FOR THE YEAR ENDED 31-03-2012**

### AUDITOR'S REPORT

The Members
Dena Gujarat Gramin Bank
Gandhinagar

We have audited the accompanying financial statements of **DENA GUJARAT GRAMIN BANK, GANDHINAGAR** which comprise the Balance Sheet as at 31st March, 2012, the Statement of Profit and Loss and the Cash Flow Statement for the year then ended on 31st March, 2012 and a summary of significant accounting policies and notes on accounts, in which are incorporated the returns of 15 Branches and 3 Regional Offices audited by us, 126 branches audited by Branch Statutory Auditors and 18 unaudited branches in accordance with the guidelines issued by National Agricultural Bank for Rural Development.

**Management's Responsibility for the Financial Statements**

Management is responsible for the preparation of these financial statements that give a true and fair view of the financial position, financial performance and cash flows of the Bank in accordance with the Banking Regulation Act, 1949 read together with section 19 of the Regional Rural Banks Act, 1976 and applicable Accounting Standards. This responsibility includes the design, implementation and maintenance of internal control relevant to the preparation and presentation of the financial statements that give a true and fair view and are free from material misstatement(s), whether due to fraud or error.

**Auditor's Responsibility**

Our responsibility is to express an opinion on these financial statements based on our audit. We conducted our audit in accordance with the Standards on Auditing issued by the Institute of Chartered Accountants of India. Those Standards require that we comply with ethical requirements and plan and perform the audit to obtain reasonable assurance about whether the financial statements are free from material misstatement.

An audit involves performing procedures to obtain audit evidence about the amounts and disclosures in the financial statements. The procedures selected depend on the auditor's judgement, including the assessment of the risk of material misstatement of the financial statements, whether due to fraud or error. In making those risk assessments, the auditor considers internal control relevant to the bank's preparation and fair presentation of the financial statements in order to design audit procedures that are appropriate in the circumstances. An audit also includes evaluating the appropriateness of accounting policies used and the reasonableness of the accounting estimates made by the management, as well as evaluating the overall presentation of the financial statements. We believe that the audit evidences we have obtained are sufficient and appropriate to provide a basis for our audit opinion.

The Balance Sheet, Profit & Loss account and Cash Flow Statement of the Bank dealt with by this report are in agreement with the Books of Account of the Bank.

The returns received from the regional offices and branches of the Bank have been found adequate for the purpose of our audit.

We have obtained all the information and explanations which to the best of our knowledge and belief were necessary for the purposes of our audit and have found them to be satisfactory.

The transactions of the Bank, which come to our notice, have been within the powers of the Bank.

**Opinion**

In our opinion and to the best of our information and according to the explanations given to us, the financial statements give the information required by the Act in the manner so required and give a true and fair view in conformity with the accounting principles generally accepted in India:

(a) in the case of the Balance Sheet, of the State of Affairs of the Bank as at 31st March, 2012;
(b) in the case of the Profit and Loss Account, of the Profit for the year ended on 31st March, 2012;
(c) in the case of the Cash Flow Statement, of the Cash Flows for the year ended on 31st March, 2012.

**Other Matter**

There has been change in accounting policy with respect to accounting for intangible assets which is now in alignment with accounting standard -26, intangible assets and accounting standared -1 disclosure of accounting policies issued by the ICAI. Had the bank followed old policy profit for the year would have been more by Rs. 10117888.21.

FOR SINGHVI & MEHTA
CHARTERED ACCOUNTANTS
F. R. NO. 02464W
(KALURAM) PARTNER
M. NO. 130095

**Form 'A'** (Rs. in Thousand)

BALANCE SHEET AS AT 31st MARCH, 2012

| | | Sch. No. | As at 31-03-2012 | As at 31-03-2011 |
|---|---|---|---|---|
| 1 | CAPITAL AND LIABILITIES | | | |
| | Capital | 1 | 30000 | 30000 |
| | Share Capital Deposits | | 422339 | 322339 |
| | Reserves & Surplus | 2 | 1066235 | 929581 |
| | Deposits | 3 | 22721833 | 18822238 |
| | Borrowings | 4 | 2533076 | 2137099 |
| | Other Liabilities and Provisions | 5 | 2565290 | 1914309 |
| | TOTAL | | 29328773 | 24155566 |
| 2 | ASSETS | | | |
| | Cash and Balances with RBI | 6 | 1187634 | 1211760 |
| | Bal. with Banks & Money as call and short notice | 7 | 13178251 | 11774433 |
| | Investments | 8 | 5111081 | 4812734 |
| | Advances | 9 | 8767267 | 5237895 |
| | Fixed Assets | 10 | 82296 | 87540 |
| | Other Assets | 11 | 1002244 | 1031204 |
| | TOTAL | | 29328773 | 24155566 |
| | Contingent Liabilities | 12 | 8283 | 9389 |
| | Bills for Collection | | 17782 | 70318 |
| | Significant Accounting Policies | 17 | ---- | ---- |
| | Notes forming part of accounts | 18 | ---- | ---- |

As per our report of even date attached

**Form 'B'** (Rs. in Thousand)

PROFIT & LOSS ACCOUNT FOR YEAR ENDED ON 31st MARCH 2012

| | | Sch. No. | As on 31-03-2012 | As on 31-03-2011 |
|---|---|---|---|---|
| I. | INCOME | | | |
| | 1. Interest Earned | 13 | 1852919 | 1586653 |
| | 2. Other Income | 14 | 56845 | 61838 |
| | TOTAL INCOME | | 1909764 | 1648491 |
| II. | EXPENDITURE | | | |
| | 1. Interest expended | 15 | 1213804 | 987915 |
| | 2. Operating Expenses | 16 | 439963 | 453426 |
| | 3. Provisions and Contingencies | 16 | 124650 | 81188 |
| | TOTAL EXPENDITURE | | 1778417 | 1522529 |
| III. | Net Profit for the Period | | 131347 | 125962 |
| IV. | APPROPRIATIONS | | | |
| | Transfer to Statutory Reserves | | 32837 | 25192 |
| | Transfer to Investment Fluctuation Reserve | | - 4693 | - 13130 |
| | Balance carried over to P & L A/c | | 98510 | 100769 |
| | Significant Accounting Policies | 17 | - | - |
| | Notes Forming Part of Accounts | 18 | - | - |

FOR SINGHVI & MEHTA
CHARTERED ACCOUNTANTS
F.R. No. 02464W
Sd/-
(KALU RAM)
PARTNER
M. No. 130095

PLACE: GANDHINAGAR
DATED: 04TH JUNE, 2012

FOR DENA GUJARAT GRAMIN BANK

Sd/- (B.C. PATEL) Sr. Manager (Acct.)
Sd/- (R.S.CHOWDHARY) General Manager
Sd/- (G.K. PANERI) Chairman

Sd/- 1. R. K. Gupta, Director
Sd/- 2. S. N. Patel, Director
Sd/- 3. S. V. Satpute, Director
Sd/- 4. V. P. Danicha, Director
Sd/- 5. M. J. Vaghela, Director